# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

***Date : 19-05-2024*** ***Morning : 7.45 to 7.55***

***Day : Sunday*** ***National News***

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

- ✓ લોકસભા ચૂંટણીના પાંચમા તબક્કા માટેના પ્રચાર પડઘમ શાંત - આજે વિવિધ પક્ષોનાં ટોચના નેતાઓ જાહેરસભા સંબોધશે.
- ✓ ચૂંટણી પંચે દેશમાં રોકડ અને કિંમતી વસ્તુઓ સહિત કુલ 8 હજાર 889 કરોડ રૂપિયાની જપ્તી કરી : 1 હજાર 462 કરોડ સાથે ગુજરાત પ્રથમ
- ✓ કેરળમાં આગામી 4 દિવસ સુધી ભારે વરસાદની હવામાન વિભાગની આગાહી.
- ✓ દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલના અંગત સચિવ બિભવકુમારને પાંચ દિવસની પોલીસ કસ્ટડી.
- ✓ આઈપીએલ ક્રિકેટમાં, રૉયલ ચેલેન્જર્સ બેંગ્લોરે ચેન્નઈ સુપર કિંગ્સને 27 રને હરાવી પ્લેઑફમાં સ્થાન મેળવ્યું.

.....................................................................

## ELECTION FIFTH PHASE

લોકસભા ચૂંટણીના પાંચમા તબક્કા માટેના પ્રચાર પડઘમ ગઈકાલે સાંજે શાંત થઈ ગયા છે. રાજકીય દિગ્ગજોએ ચૂંટણી પ્રચાર કર્યો હતો. હવે લોકસભા ચૂંટણીના પાંચમા તબક્કા માટે સોમવારે 6 રાજ્યો અને 2 કેન્દ્રશાસિતપ્રદેશોની 49

બેઠકો પર મતદાન થશે. આ સાથે જ વિવિધ રાજકીય પક્ષોના ટોચના નેતાઓએ આગામી તબક્કાની ચૂંટણીઓ માટે તેમના પ્રચારને તેજ બનાવ્યો છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઝારખંડના જમશેદપુર, પશ્ચિમ બંગાળના પૂરૂલિયા, બિશ્નુપુર અને મેદિનીપુરમાં જાહેરસભાને સંબોધશે.

જ્યારે ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ ઉત્તરપ્રદેશના પ્રયાગરાજ અને જૌનપુર તેમજ બિહારના બેતિયા ખાતે જાહેરસભાને સંબોધશે. ઉપરાંત ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડા હરિયાણામાં જાહેરસભા, મહિલા મોરચાના સંમેલન સહિતના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ આઝમગઢ, જૌનપુર, પ્રતાપગઢ અને પ્રયાગરાજમાં ચૂંટણી પ્રચાર કરશે. તો મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ ગાઝીપુર અને બલિયા જિલ્લામાં પ્રચાર કરશે.

બીજી તરફ કૉંગ્રસ નેતા રાહુલ ગાંધી અને સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ પ્રયાગરાજ જિલ્લામાં સાથે મળીને પ્રચાર કરશે. શ્રી યાદવ બાદમાં ફૂલપુર મતવિસ્તારમાં પણ પ્રચાર કરશે. કૉંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજય સિંહ આજે મહારાજગંજમાં ચૂંટણી પ્રચાર કરશે.

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉત્તરપૂર્વ દિલ્હી, હરિયાણાના અંબાલા અને સોનીપતમાં ગઈકાલે જાહેરસભા સંબોધી હતી. અંબાલામાં સભાને સંબોધતા શ્રી મોદીએ કહ્યું, આજે દેશમાં મજબૂત સરકાર હોવાથી આપણા દુશ્મનો કંઈ પણ કરતાં પહેલાં 100 વખત વિચાર કરે છે. ભાજપના વરિષ્ઠ નેતા રાજનાથ સિંહે કહ્યું કે, પ્રખ્યાત અર્થશાસ્ત્રીઓ અને

નાણાકીય સંસ્થાઓએ નોંધ્યું છે કે, છેલ્લા 10 વર્ષમાં મોદી સરકારની પહેલોએ 25 કરોડ લોકોને ગરીબી રેખામાંથી બહાર આવવામાં મદદ કરી છે.

કેન્દ્રિય ગૃહમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે ઝાંસી ખાતે જાહેરસભાને સંબોધતા કહ્યું કે, ભાજપ અત્યાર સુધી લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા સુધીમાં લોકસભાની 270 બેઠક જીતી ગયું છે. અને હવે ચૂંટણીના પાંચમા તબક્કા બાદ 300 બેઠક તરફ ભાજપ આગળ વધી રહ્યું છે.

સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે શ્રાવસ્તી, સુલતાનપુર, અયોધ્યા, આંબેડકરનગરમાં ચૂંટણી સભાઓ સંબોધી હતી. અયોધ્યામાં જાહેરસભાને સંબોધતા શ્રી યાદવે કહ્યું, ઇન્ડી ગઠબંધનની સરકાર બનશે તો અમે અગ્નિવીર યોજનાને હટાવી કાયમી ભરતી કરીશું.

ગઈકાલે સાંજે નવી દિલ્હીના રામલીલા મેદાનમાં એક રેલીને સંબોધતા કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, ઈન્ડી ગઠબંધનનો પ્રથમ ઉદ્દેશ બંધારણને બચાવવાનો છે.

..................................................

# ELECTION COMMISSION SEIZURE

ચૂંટણી પંચે દેશમાં અત્યાર સુધીમાં રોકડ અને કિંમતી વસ્તુઓ સહિત કુલ 8 હજાર 889 કરોડ રૂપિયાની જપ્તી કરી છે, જેમાં રૂ. 3 હજાર 959 કરોડ રૂપિયાના મૂલ્યના ડ્રગ્સનો સમાવેશ થાય છે તેમ ચૂંટણી પંચે જણાવ્યું છે.

ચૂંટણી પંચે જણાવ્યું છે કે, ગુપ્તચર શાખા આધારિત સંકલિત કાર્યવાહીના પગલે દેશના 36 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી વિક્રમ પ્રમાણમાં વસ્તુઓ જપ્ત કરાઈ છે, જેમાં ગુજરાત રૂ. 1 હજાર 462 કરોડ રૂપિયા સાથે ટોચ પર છે. જ્યારે રાજસ્થાન 1 હજાર 132.82 કરોડ રૂપિયા સાથે બીજા ક્રમે છે. ત્યાર પછી પંજાબમાંથી 734.54 કરોડ રૂપિયા, મહારાષ્ટ્રમાંથી 685.81 કરોડ રૂપિયા અને દિલ્હીના એનસીટીમાંથી 653.31 કરોડ રૂપિયાની જપ્તી કરવામાં આવી છે.

ચૂંટણી પંચે જણાવ્યું કે, લોકસભા ચૂંટણીના બાકીના તબક્કામાં એટલે કે 4 જૂન સુધીમાં જપ્તીનો આંકડો 9 હજાર કરોડ રૂપિયાને પાર થઈ જવાની સંભાવના છે. ચૂંટણી પંચના અધિકારીઓએ અત્યાર સુધીમાં જે જપ્તી કરી છે તેમાં 45 ટકા એટલે કે અંદાજે રૂ. 3 હજાર 958 કરોડ રૂ.ના મૂલ્યનું ડ્રગ્સ ઝડપાયું છે. આ સિવાય ચૂંટણી પંચે રૂ. 2 હજાર 65.6 કરોડ રૂ.ના મૂલ્યની 'મફત લ્હાણીની વસ્તુઓ જપ્ત કરી છે. ચૂંટણી પંચે જણાવ્યું કે, 'ડ્રગ્સ, દારૂ, કિંમતી ધાતુઓ, મફત ભેટ-સોગાદો અને રોકડ અલગ અલગ સ્તર પર ચૂંટણી પર અસર કરે છે. કેટલીક વસ્તુઓ પ્રત્યક્ષરૂપે મતદારોને લાલચના સ્વરૂપમાં આપવામાં આવે છે જ્યારે રોકડનું ચલણ ઘટવાના કારણે અન્ય વસ્તુઓ આપવામાં આવે છે.

....................................................

# HEAT WAVE KERALA

હવામાન વિભાગે આગાહી કરી છે કે, કેરળમાં આગામી ચાર દિવસ સુધી ભારે વરસાદ યથાવત્ રહેશે.

પથાનમથિટ્ટા, ઇડુક્કી અને કોટ્ટયમ જિલ્લામાં આગામી દિવસો માટે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે ભારે પવન અને ખરાબ હવામાનની શક્યતાના કારણે માછીમારોને કેરળ અને લક્ષદ્વીપના દરિયાકાંઠે દરિયામાં ન જવાની પણ ચેતવણી આપવામાં આવી છે. હવામાન વિભાગે આગામી કેટલાંક દિવસો માટે દેશના ઉત્તર-પશ્ચિમ, મધ્ય અને પૂર્વ ભાગમાં હીટવેવની સ્થિતિની પણ આગાહી કરી છે.  જ્યારે મંગળવાર સુધી રાજસ્થાન, પંજાબ, હરિયાણા અને દિલ્હીના કેટલાંક ભાગોમાં ભારે ગરમીનું મોજું રહેશે.

..............................................

# DELHI BIBHAV KUMAR POLICE CUSTODY

દિલ્હીની એક જિલ્લા અદાલતે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના અંગત સચિવ બિભવકુમારને આપનાં રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલ સાથે દુર્વ્યવહારના કેસમાં ધરપકડ કર્યા બાદ પાંચ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલ્યા છે. બિભવ કુમારને ગઈ મોડી રાત્રે “તીસ હજારી કોર્ટ”માં રજૂ કરવામાં આવ્યા હતા. જ્યાં મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ ગૌરવ ગોયલે પૂછપરછ માટે કુમારને પાંચ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલ્યા હતા. “તીસ હજારી કોર્ટે” બિભવકુમારની આગોતરા જામીન અરજી પણ ફગાવી દીધી હતી.

અદાલતે કોર્ટે કહ્યું કે, આરોપીની પહેલાથી જ ધરપકડ થઈ ગઈ છે. એટલે આ અરજી પર સુનાવણી વ્યાજબી નથી.

..............................................

# KEJRIWAL BJP

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ગઈકાલે ભાજપ પર આમ આદમી પાર્ટી વિરુદ્ધ બદલાની ભાવનાથી કામ કરવાનો આક્ષેપ લગાવ્યો હતો. શ્રી કેજરીવાલે કહ્યું કે, તેમનો પક્ષ આજથી ભાજપના મુખ્ય મથકની બહાર જેલભરો કાર્યક્રમ શરૂ કરશે.

તેમણે આક્ષેપ મુક્યો કે, ભાજપ આમ આદમી પાર્ટીના નેતા રાઘવ ચઢ્ઢા અને આતિશીને પણ જેલમાં મોકલવાની યોજના બનાવી રહ્યું છે. શ્રી કેજરીવાલે કહ્યું કે, તેમની પાર્ટીનો એક માત્ર ઉદ્દેશ આર્થિક રીતે નબળા, વિદ્યાર્થીઓ અને કેટલીક બિમારીઓથી પીડાતા લોકોના કલ્યાણ માટે કામ કરવાનો છે.

..............................................

# IPL RCB WIN

આઈપીએલ ક્રિકેટમાં, રૉયલ ચેલેન્જર્સ બેંગ્લોરે બેંગ્લોરના કે. એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ચેન્નઈ સુપર કિંગ્સને 27 રને હરાવી પ્લેઑફમાં સ્થાન મેળવી લીધું છે.

પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી રૉયલ ચેલેન્જર્સ બેંગ્લોરે પાંચ વિકેટ ગુમાવી 218 રન બનાવ્યા હતા. બેંગ્લોર માટે ડુ પ્લેસિસે 39 બૉલમાં 54, જ્યારે વિરાટ કોહલીએ 29 બૉલમાં 47 રન બનાવ્યા હતા. તેના જવાબમાં ચેન્નઈ સુપર કિંગ્સ 20 ઑવરમાં સાત વિકેટ ગુમાવી માત્ર 191 રન જ બનાવતા તે ટોપ ચારમાં પહોંચવામાં નિષ્ફળ રહી હતી. આ વિજય સાથે જ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર

કોલકાતા નાઈટ રાઈડર્સ, રાજસ્થાન રૉયલ્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદની સાથે પ્લેઑફમાં સામેલ થઈ ગઈ છે. જ્યારે ચેન્નઈ સુપર કિંગ્સ બહાર થઈ ગઈ છે.

..................................................

# SRILANKA TEMPLE

શ્રીલંકાના સીતા એલિયામાં આવેલા સીતાઅમ્મન મંદિરમાં આજે યોજાનારા પાવન કુંભાભિષેકમની સમગ્ર તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. ગઈકાલે કોલંબોથી એક રથ સીતા અમ્મન મંદિર પહોંચ્યો છે. આમાં અયોધ્યાથી લાવવામાં આવેલું 25 લિટર સરયૂ નદીનું પવિત્ર જળ અને તિરૂપતિ મંદિરથી 5 હજાર લાડું મોકલવામાં આવ્યા છે. આ પ્રસંગે ભારત અને નેપાળના અનેક સ્થળે શ્રદ્ધાળુઓ સીતા એલિયા પહોંચ્યા છે. સીતા એલિયા કે અશોક વાટિકા એવું સ્થળ માનવામાં આવે છે, જ્યાં દેવી સીતાને રાવણે કેદ કરીને રાખ્યા હતાં. સીતા મંદિરે અયોધ્યામાં રામલલા મંદિરના નિર્માણમાં પવિત્ર શિલા પણ મોકલી હતી.

..................................................

# KIRGISTANVIDESH MANTRALAY

કિર્ગિસ્તાનના વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે, બિશ્કેક શહેરમાં સ્થિતિ શાંત અને સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે. અહીં શાંતિ અને સ્થિરતા જાળવવા માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવ્યા છે.

વિદેશ મંત્રાલયે ગઈકાલે એક નિવેદનમાં જણાવ્યું કે, વિનાશક શક્તિઓ જાણી જોઈને કિર્ગીઝ રિપબ્લિકની પરિસ્થિતિ વિશેની ખોટી માહિતી વિદેશી માધ્યમો અને સામાજિક નેટવર્ક્સમાં ખાસ કરીને પાકિસ્તાનમાં ફેલાવી રહી છે.

.................................................

# VIKRANT MALIK THROW

ભારતીય ખેલાડી વિક્રાંત મલિકે ગઈકાલે પોર્ટુગલના લિસ્બનમાં મીટિંગ સિડેડ ડી લિસ્બોઆ 2024 એથ્લેટિક્સમાં પુરૂષોની ભાલા ફેંક સ્પર્ધામાં વિજય મેળવ્યો હતો. વિક્રાંત મલિકે ટાઈટલ મેળવવાના ત્રીજા પ્રયાસમાં 80.30 મીટરનો થ્રો કર્યો હતો. 28 વર્ષીય મલિકે તેના પ્રથમ બે થ્રો 71.73 મીટર અને 74.23 મીટરના કર્યા હતા.

.................................................

# JHARKHAND CEO

ઝારખંડના મુખ્ય ચૂંટણી અધિકારી કે. રવિ કુમારે ગઈકાલે જણાવ્યું કે, રાજ્યના છેવાડાના લાતેહાર અને ચતરા જિલ્લામાં કે, જ્યાં સોમવારે લોકસભા ચૂંટણી માટે મતદાન થશે. ત્યાં સેક્ટર ઓફિસર સાથે 148 મતદાન કર્મચારીઓને હેલિકોપ્ટર મારફતે લઈ જવામાં આવ્યા હતા.

આ તમામ કર્મચારીઓ 65 મતદાન મથક પર મતદાન ફરજ પર રહેશે. રાંચીમાં પત્રકાર પરિષદને સંબોધતા શ્રી કુમારે મતદારોને મતદાન સ્લીપ પર તેમના સિરીયલ નંબરો તપાસવા અપીલ કરી છે.

.................................................